# ૧૦.૬ પ્રભુભક્તિનો અમૃતરસ - મેરૂતેરશ

જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાનો મહિમા, શત્રુંજય મહાતીર્થ સાથે જોડાયેલો હોવાના કારણે અપરંપાર છે. જગતમાં સર્વ પ્રકારની વિદ્યા, વ્યવહાર, કલ્પ (આચાર) અને મોક્ષમાર્ગની શરૂઆત કરી હોય જ્ઞાનનો પ્રકાશ અને આત્માને કર્મબંધનથી મુક્ત થવાનો રાજમાર્ગ પ્રભુ ઋષભદેવે જાણ્યો, જણાવ્યો અને અનુભવ્યો.

આવા ઋષભદેવ ભગવાને ચર્તુિવધ સંઘની સ્થાપના કરી. ભગવાનના શ્રી સંઘમાં ૧,૮૫,૬૫૦ મુનિઓ, ત્રણ લાખ સાધ્વીઓ અને ૩,૫૦,૦૦૦ શુદ્ધ સમ્યકત્વધારી શ્રાવકો અને ૫,૫૪,૦૦૦ શ્રાવિકાઓ હતી. આ પ્રમાણે શ્રી ઋષભદેવ પ્રભુના ચર્તુિવધ સંઘનો પરિવાર હતો.

તે પછી ત્રણ જગતના પ્રભુશ્રી ઋષભદેવસ્વામી એક લાખ પૂર્વ સુધી વ્રત પાળ્યા પછી પોતાનો મોક્ષકાલ સમીપ જાણી અષ્ટાપદ પર્વત ઉપર પધાર્યા. ત્યાં શુદ્ધ પ્રદેશમાં ૧૦,૦૦૦ મુનિઓની સાથે જગતપ્રભુએ અનશન વ્રત ગ્રહણ કર્યું. તે ખબર પડતાં ખેદ પામેલા ભરત રાજા વાહન તથા પરિવારને મૂકીને એકદમ પગે ચાલી નીકળ્યા. પોતાની પાછળ દોડતા સેવકોને પણ દૂર છોડતા અને અશ્રુને વર્ષાવતા તથા કાંટા વગેરેને નહીં ગણકારતા અષ્ટાપદ પર્વત ઉપર દોડીને આવ્યા. ત્યાં પર્યંકાસને બેઠેલા સર્વ ઈન્દ્રિયોના આશ્રવને રૂંધીને રહેલા શ્રી ઋષભદેવ પ્રભુને જોઈને અશ્રુજલથી યુક્ત ભરતે પ્રભુને વંદન કર્યું. તે સમયે આસન ચલિત થવાથી સર્વ ઈન્દ્રોએ પણ શોકથી આકુળ બનીને ત્યાં આવી પ્રભુને પ્રદક્ષિણા કરી નમન કર્યું.

શ્રી ઋષભદેવ ભગવંતનું અષ્ટાપદ પર્વત પર નિર્વાણ ઃ આ અવસર્પિણી કાળનાં નામના ત્રીજા આરામાં નેવ્યાસી પખવાડિયા બાકી રહેતા, માઘ માસની કૃષ્ણ ત્રયોદસી (વર્તમાનમાં પોષ વદ-૧૩)ના પૂર્વાહ્નકાલે, ચંદ્ર અભિજિત નક્ષત્રમાં આવતા પર્યંકાસને રહેલા પ્રભુ શ્રી ઋષભદેવ સ્વામી ચોથું શુકલધ્યાન પામી લોકાગ્રપદ- મોક્ષ પામ્યા. તે સમયે બાહુબલિ વગેરે મુનિઓ પણ તે જ ક્ષણે અવ્યયપદ પામ્યા. પ્રભુના નિર્વાણ કલ્યાણકના સમયે  ક્ષાણવાર નારકીઓને પણ સુખ થયું. ત્રણે જગતમાં ઉદ્યોત થયો. પ્રભુને નિર્વાણ પામેલા જોઈ ભરત રાજા અપાર દુઃખથી મૂર્છા પામી પૃથ્વી પર પડી ગયા. થોડીવારે

સાવધાન થઈ તેમણે આક્રંદ કરવા માંડ્યું કે, ‘અહા, - ત્રણે જગતના ત્રાતા પ્રભુ, બાહુબલિ વગેરે ભાઈઓ, બ્રાહ્મી અને સુંદરી બહેનો, પુંડરીક વગેરે પુત્રો, શ્રેયાંસ વગેરે પૌત્રો-કર્મરૂપ શત્રુઓને હણી લોકાગ્રને પામ્યા, તો પણ હું ભરત અદ્યાપિ જીવું છું.’ આ પ્રમાણે આક્રંદ કરતા ભરતને જોઈ ઈન્દ્રે શોકથી રુદન કરવા માંડ્યું. ઈન્દ્રની પાછળ દેવતાઓએ પણ રુદન કરવા માંડ્યું. ત્યારથી માંડીને પૂર્વે નહીં દીઠેલો રુદનનો વ્યવહાર પ્રવર્ત્યો. ભરતના રુદનથી આખું વાતાવરણ શોકાકુલ થઈ ગયું.

તે પછી ભરતને આશ્વાસન આપી ઈન્દ્રે પ્રભુના અંગનો સંસ્કાર કરવા માટે ગોશીર્ષ ચંદનના કાષ્ઠો દેવતાઓ પાસે મંગાવ્યા. પછી દેવતાઓએ પ્રભુ માટે પૂર્વ દિશામાં ગોળ, બીજા ઈક્ષ્વાકુવંશી મુનિઓ માટે દક્ષિણ દિશામાં ત્રિખૂણી અને બાકીના સર્વ મુનિઓ માટે ચાર ખૂણાવાળી ચિતા રચી. પ્રભુના શરીરને ઈન્દ્રે ક્ષીરસમુદ્રનાં જલથી સ્નાન કરાવી અને વસ્ત્રભરણથી શોભાવી શિબિકામાં પધરાવ્યું. બીજા દેવતાઓએ અન્ય મુનિઓનાં શરીરને બીજી શિબિકામાં મૂક્યાં એટલે અગ્નિકુમાર અને વાયુકુમાર દેવોએ તત્કાળ તે શરીરોને પ્રજવલિત કર્યા. થોડીવાર પછી મેઘકુમારોએ તે શરીરોને જલધારાથી ઠાર્યા એટલે સર્વ દેવોએ પ્રભુનાં અને બીજા મુનિઓના દાંત અને હાડકાં પોતપોતાના વિમાનોમાં પૂજા કરવા માટે પોત-પોતાની યોગ્યતા પ્રમાણે ગ્રહણ કર્યા. ઈન્દ્રોએ પ્રભુની દાઢાઓ ગ્રહણ કરી. કેટલાક શ્રાવકોએ માગણી કરવાથી દેવોએ ત્રણ કુંડનો અગ્નિ તેઓને આપ્યો. ત્યારથી તે શ્રાવકો અગ્નિહોત્રી માહણ (બ્રાહ્મણ) કહેવાય. કેટલાકોએ તે ચિતાની ભસ્મને ભક્તિથી વંદન કર્યું અને શરીરે લગાવી. તે કારણે ભસ્મથી શોભતા શરીરવાળા તેઓ તાપસો કહેવાયા.

સિંહનિષદ્યા પ્રાસાદની સ્થાપના ઃ ત્યારબાદ તે ચિતાસ્થાનમાં ત્રણ મોટા સ્તૂપો કરીને સર્વ ઈન્દ્રોએ નંદીશ્વર દ્વીપે જઈ પ્રભુનાં નિર્વાણ કલ્યાણકને અનુલક્ષીને અષ્ટાહ્નિક ઉત્સવ કર્યો. ત્યાંથી પોતપોતાના સ્થાને આવી, તે સર્વે દેવો, હૃદયમાં પ્રભુનું સ્મરણ કરતા વિઘ્નની શાંતિ માટે ભગવંતના અસ્થિનું પૂજન કરવા લાગ્યા. અહીં ચિતાની નજીકની ભૂમિ પર ભરત રાજાએ વર્ધ્ધકિરત્ન પાસે એક સુંદર પ્રાસાદ કરાવ્યો. ત્રણ કોશ ઊંચા અને એક યોજન લાંબા પહોળા તે પ્રાસાદને તોરણોથી મનોહર ચાર દ્વાર રચાવ્યા. તેની અંદર પીઠિકા, દેવચ્છંદ અને વેદિકા બનાવ્યા. તેમાં સુંદર પીઠિકા પર કમલાસન પર રહેલી અને આઠ પ્રાતિહાર્ય સહિત રત્નમય ચાર શાશ્વત અર્હતોની પ્રતિમાઓ સ્થાપન કરી દેવચ્છંદ ઉપર

પોતપોતાના માન, લંછન તથા વર્ણસહિત ચોવીસ પ્રભુની મણિરત્નમય પ્રતિમાઓ ભરાવી. ત્યાં પ્રત્યેક પ્રતિમાની ઉપર ત્રણ છત્રો, ચામરો, ધ્વજાઓ તેમજ તે પ્રભુની આરાધના કરનારા યક્ષો અને કિન્નરોને સ્થાપિત કર્યા. ત્યારબાદ ત્યાં ભરતે પોતાના પૂર્વજોની, બંધુઓની તેમજ બ્રાહ્મી અને સુંદરીની તથા ભક્તિથી નમ્ર એવી પોતાની મૂર્િત સ્થાપન કરી.

તે વિશાળ મંદિરની ચોમેર ચૈત્યવૃક્ષો, કલ્પવૃક્ષો, સરોવરો, દીર્ઘિકાઓ, વાવડીઓ તથા વિશ્રાંતિસ્થાનો કરાવ્યા. મૂલમંદિરની બહાર પ્રભુ શ્રી ઋષભદેવ સ્વામીનો ઊંચો સ્તૂપ તેમણે કરાવ્યો. તેની આગળ પોતાના બંધુમૂનિઓના તેમજ અન્ય મુનિઓના મણિમય સ્તૂપો કરાવ્યા અને ચોમેર મનુષ્યોથી દુર્ભેદ્ય એવા લોખંડના દ્વારપાલો કર્યા અને ભરત ચક્રવર્તીની આજ્ઞાથી મંદિરની રક્ષા માટે અધિષ્ઠાયક દેવતાઓ અધિષ્ઠિત કર્યા.

આ પ્રમાણે અષ્ટાપદ પર્વત પર સિંહનિષદ્યા પ્રાસાદને વિધિપૂર્વક કરાવીને ઉત્સવપૂર્વક સાધુ મુનિવરો પાસે પ્રતિષ્ઠા સમારોહપૂર્વક કરાવી. ત્યારબાદ પવિત્ર તથા શ્વેત વસ્ત્રો ધારણ કરી ભરતેશ્વર મંદિરમાં પ્રવેશ કર્યો અને ત્રણ વખત નિસિહી કહીને, પ્રભુની ત્રણવાર પ્રદક્ષિણા કરી. પ્રભુ પ્રતિમાઓનો પવિત્ર જલથી અભિષેક કર્યો, કોમળ વસ્ત્રોથી અંગલૂછન કર્યું. ત્યારબાદ સુગંધમય ચંદનથી વિલેપન, પૂજા કરી, તેમજ સુગંધી વિવિધ પુષ્પોથી પૂજન કર્યું.

આ રીતે અંગપૂજા કર્યા બાદ ધૂપ કર્યો, મણિપીઠ પર શુદ્ધ અક્ષતોથી અષ્ટમાગલિકો આલેખીને ફલો પ્રભુજી સમક્ષ મૂક્યા અને મંગલદીપ તથા આરતી ઉતારી. આમ દ્રવ્યપૂજા કર્યા બાદ ભક્તિથી ઉલ્લસિત ભરત ચક્રવર્તીએ પ્રભુ સ્તુતિ કરી.

'હે ત્રણ જગતના આધાર ! ધર્મના ઉદ્ધારને ધારણ કરનારી અને સ્વર્ગ તથા નરકની સીમાસમાન આ પૃથ્વીને ત્યજીને આપે દુર્ગમ એવા લોકાગ્રને પ્રાપ્ત કર્યો છે. જોકે આપ તો આ ત્રિલોકને એકદમ ત્યજીને ચાલ્યા ગયા છો, છતાં તે ત્રિલોક બળાત્કારે આપણે પોતાના હૃદયમાં ધારી રાખશે. આપના ધ્યાનરૂપ દોરીને અવલંબીને રહેલા મારા જેવા આત્માઓ આપનાથી દૂર હોવા છતાં પણ આપની પાસે જ છે, તો પછી હે નાથ ! અમને ત્યજીને આપ પહેલાં કેમ ચાલ્યા ગયા ? અશરણ એવા અમને અહીં જ મૂકીને

એકદમ આપ જેમ અહીંથી ચાલ્યા ગયા ? અશરણ એવા અમને અહીં જ મૂકીને એકદમ આપ જેમ અહીંથી ચાલ્યા ગયા, તેમ અમે જયાં સુધી આપની પાસે ન પહોંચીએ, ત્યાં સુધી અમને ત્યજીને આપ અમારા ચિત્તમાંથી ચાલ્યા ન જતા.'

આ પ્રમાણે શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ કરીને, ત્યાં બિરાજમાન અન્ય અરિહંત પ્રભુની પણ ભરતેશ્વરે સ્તવના કરી.

આ રીતે અષ્ટાપદ તીર્થ પર ભરતેશ્વર જિનમંદિર બંધાવ્યા પછી વિચાર કર્યો કે, 'કાલના પ્રભાવથી સત્ત્વહીન મનુષ્યો દ્વારા આ રત્નમય જિનપ્રાસાદની આશાતના ન થાઓ.' એમ વિચારી તેમણે તે પર્વતના શિખરોને તોડી નાંખી, એક-એક યોજનના અંતે દંડરત્નથી આઠ પગથિયાઓ કર્યા. ત્યારથી તે પર્વત 'અષ્ટાપદ'ના નામથી પ્રસિદ્ધ થયો. આ પ્રમાણે કરીને શ્રી ઋષભદેવ સ્વામીના નિર્વાણથી અતિશય દુઃખને ધારણ કરતા ભરતેશ્વર અષ્ટાપદ પર્વત પરથી નીચે ઉતર્યા અને અનુક્રમે વિનીતા નગરીમાં આવ્યા. તે સમયે ભરતેશ્વરનું ચિત્ત ક્યાંય લાગતું ન હતું. બેસતા, સૂતાં, ચાલતાં તેમજ સમગ્ર કાર્યમાં પોતાના ચિત્તમાં કેવલ પ્રભુનું જ ધ્યાન ધરતાં પોતાના સ્વામી ભરત ચક્રવર્તીને સર્વ મંત્રીઓએ ત્યારે આ પ્રમાણે કહ્યું ઃ

'હે નરેશ્વર ! જે પ્રભુનો દેવોએ મેરુ પર્વત પર અભિષેક કર્યો, જેઓને આશ્રયીને ઈક્ષ્વાકુવંશ પ્રગટ થયો, જેમણે રાજાઓનો આચાર દર્શાવ્યો, જેઓએ ધર્મતીર્થની સ્થાપના કરી છે, જેમનું ચારિત્ર ઉજજવલ છે. જેમનામાં વિશુદ્ધ જ્ઞાન રહેલું હતું એવા શ્રી ઋષભદેવ પ્રભુનો શોક કરવાનો ન હોય ! હે સ્વામી ! તેઓ તો ખરેખર સ્તુતિને યોગ્ય છે. માટે રાજન્ ! પ્રભુના વિરહને યાદ કરી તમે મુંઝાવ નહીં, તેઓ તો કૃતકૃત્ય બનીને પરમપદમાં લીન થયા છે.'

આ રીતે મંત્રીઓએ કહેલું સાંભળીને ભરત ચક્રવર્તીએ મનને સમજાવીને મુશ્કેલીથી શોક ત્યજયો, રાજયકાર્યની પ્રવૃત્તિમાં પ્રવર્ત્યા અને પ્રજાનું નિરંતર પાલન કરવા લાગ્યા અને ત્યારબાદ પ્રતિવર્ષ, પ્રભુજીની યાદમાં પોષ વદ-૧૩ના દિવસે ચોવિહાર ઉપવાસ કરવાનો ન થાય તો તિવિહાર ઉપવાસ. ભગવાન ઋષભદેવની આરાધના કરવી. તેમાં ૪ દિશામાં ચાર નાના મેરુ અને એક મધ્યમાં મૂકવો રત્નના

અથવા ઘીના બનાવી મુકવા. અને તેમેરુની સન્મુખ ચાર દિશાએ ચાર નંદાવર્ત કરી પ્રભુજીની ભક્તિ કરવી.